જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૭૫/૧૭

## આજથી આશરે પંદરેક દિવસ અગાઉ બોપલ બ્રીજ પાસે રાત્રીના સમયે એક ઇસમનું અપહરણ કરી મોબાઇલ ફોન તથા સોનાનો દોરો તથા રોકડા રૂપિયા લુંટી લેનાર આરોપીઓને ગુનામાં વાપરેલ એક્ટીવા તથા મોબાઇલ ફોનના મુદ્દામાલ સાથે પકડી લઇ વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન મસઇ દોલતસિંહ નટુભાઇ તથા પો.કો.ચેતનકુમાર રામુભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર વસ્ત્રાપુર રાજપથ ક્લબના પાછળના ભાગેથી આરોપીઓ (૧) હિતેષ શંકરભાઇ રાઠોડ ઉવ.૨૪ ધંધોઃનોકરી રહે, મ.નં.બી/૧૭/૨, આબાદનગર, હરીઓમ બંગલો પાસે, બોપલ, અમદાવાદ (૨) પ્રીન્સ દિનેશભાઇ ચતુર્વેદી ઉવ૨૦ ધંધોઃનોકરી રહે, મ.નં.એ/૮, આબાદનગર, હરીઓમ બંગલો પાસે, બોપલ, અમદાવાદ નાઓને ઝડપી લેવામાં આવેલ. જેઓની અંગઝડતી તપાસ કરતાં તેઓની પાસેથી એક ઓપો કંપનીનો મોબાઇલ કિ.રૂ.૯૫૦૦/- તથા આ ગુનામાં વાપરેલ એક્ટીવા કિરૂ.૫૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. જેઓની પુછપરછ કરતાં જણાવેલ કે તેઓના મિત્ર રાજ ઉર્ફે ગોલુ તથા સંજય રાજપુત બંન્ને એક્ટીવા લઇ જતાં હતા તે વખતે બોપલ બ્રીજ ઉતરતાં આઇસરગાડી સાથે બોલાચાલી થયેલ જે બાબતે ફોન આવતા આ બંન્ને જણા ત્યાં જઇ આઇસરગાડી વાળા જેમફાવે તેમ બોલતાં પ્રીન્સે ગાડીમાં બેઠેલ એક ઇસમને લાફો મારી દેતાં તે ત્યાંથી ભાગી ગયેલ અને ગાડીમાં બેઠેલ બીજા ઇસમને તેઓએ એક્ટીવા ઉપર બેસાડી લઇ રસ્તામાં ખુલ્લુ મેદાન આવતાં ત્યાં ઉતરી તેને માર મારી તેની પાસેનો મોબાઇલ ફોન તથા સોનાનો દોરો તથા રોકડા રૂપિયા લઇ લીધેલ અને ત્યાંથી ભાગી ગયેલાની હકીકત જણાવેલ. જે બાબતે સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૩૫/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૪, ૩૬૫, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જીપી એક્ટ ૧૩૫ (૧) મુજબનો ગુનોદાખલ થયેલ હોય સદરી આરોપીઓને આજરોજ તા.૦૯/૧૨/૨૦૧૭ ના કલાક ૨૦/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરી વધું તપાસ અર્થે સરખેજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## અમદાવાદ શહેરના બાપુનગર તથા ડભોડા પોલીસ સ્ટેશનના મળી કુલ-૪ ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડતી સાયબર ક્રાઈમ સેલ, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક ના.પો.કમિ.શ્રીડો. રાજદીપસિંહ ઝાલા સાહેબસાયબરક્રાઇમસેલનાઓનીસુચનાથીતેમજપોલીસઇન્સપેકટરજે.એસ.ગેડમનામાર્ગદર્શનહેઠળપો.સ.ઇ. ડી.જે.જાડેજા તથા બીજા સ્ટાફના માણસો નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ પેટ્રોલીંગમાંહતાદરમ્યાનપો.કો. દેવેન્દ્રસિંહ તથા પો.કો. ભગીરથસિંહ નાઓની બાતમી હકીકત આધારે બાપુનગર પોસ્ટે.પ્રોહી ગુ.ર.ન. (૧) ૫૦૮૯/૨૦૧૭ (૨) ૫૨૩૧/૨૦૧૭ (૩) ૫૪૦૧/૨૦૧૭ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એઇ તથા ડભોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૧/૨૦૧૭ ઇપીકો કલમ ૩૦૭,૩૫૩,૪૨૭ મુજબનાગુનાઓમાં નાસતા ફરતો આરોપીહિતેશ @ તિલક ધીરૂભાઇ પટેલ ઉ.વ.૩૯ રહે.૭૪૪/૪૯૬૧ ગુજરાત હાઉસીંગ બોર્ડ શ્રીજી સ્કુલની બાજુમાં, બાપુનગર, અમદાવાદ શહેરનાને તા.૦૯/૧૨/૨૦૧૭ ના કલાક ૧૫/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન જણાવેલ છે કે, અગાઉ સને ૨૦૧૪ માં કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે તેમજ સને ૨૦૧૫ માં વડોદરા શહેર ખાતે પ્રોહીબીશનના ગુનાઓમાં પકડાયેલ અને સને ૨૦૧૫માં પાસા થતા રાજકોટ જેલમાં પાસા હેઠળ પાસાની સજા ભોગવેલ છે અને પાસામાંથી છુટયા બાદ બાપુનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના કુલ-૩ ગુનાઓ દાખલ થયેલા અને ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસની ગાડીને ટકકર મારી નાસી ગયેલો તે અંગેનો ગુનો દાખલ થયેલ જે તમામ ગુનાઓમાં વોન્ટેડ હોવાનું જણાવેલ છેજેથી સદરી ઇસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી આરોપીને જે તે પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે.

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## બે મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન ચોરી/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.ભરતકુમાર નાનજીભાઈનાઓને મળેલ બાતમી હકીકત આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર **નાસીરઅલી અખ્તરઅલી શેખ ઉ.વ.૧૭ વર્ષ ૧૦ મહિના ૨૫ દિવસ રહે : હાલ : નાસીરભાઈ ઉર્ફે નારિયેળીના ગોડાઉનમાં ચિરાગ પાર્ક બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર મુળ વતન ગામ સાખલી કાળવાલા માટ તા.ગોર્વધનવાટી થાના પાચલા જિ.હાવડા (કલકતા)**નાઓને સી.આર.પી.સી.કલમ-૪૧(૧) ડી મુજબ પકડી લઈ સદરી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની પુછપરછ કરતા એક કાળા કલરના એચ.ટી.સી.કંપની મોબાઇલ કિ,રુ,૧૦,૦૦૦/ તથા હોન્ડા એકટીવા આર.ટી.ઓ.નં.જીજે.૦૧.જે.ક્યુ,૧૬૯ કિ,રુ,૨૦,૦૦૦/ મળી કુલ્લે કિ,રુ,૩૦,૦૦૦/ ની મતાના મુદામાલ આશરે ત્રણેક દિવસ પહેલા અમદાવાદ ખોખરા ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતેના એક મકાન ખાતેથી ચોરી કરેલ હોવાનુ જણાવતા **ખોખરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૬/૧૭ ઈપીકો કલમ - ૩૮૦ મુજબ**ના મિલ્કત સંબંધી ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે

તેમજ સદરી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી મળી આવેલ (૧) એક કાળા કલરનો નોકિયા કંપનીનો RM-944 મોડલનો મોબાઈલ ફોન કિ,રુ,૧૦૦૦/ તથા (૨) એક આસુસ કંપનીનો કાળા કલરનો ASUS Z00AD મોડલનો મોબાઈલ ફોન કિ,રુ,૧૦,૦૦૦/ મળી કુલ્લે કિ,રુ,૧૧,૦૦૦/ ની મતાના મુદામાલ બાબતે પુછપરછ કરતા સદર બંને મોબાઈલ ફોન આશરે બેએક મહિના પહેલા કાગડાપીઠ મંગલ પાર્ક બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે રામ કુષ્ણ સોસાયટી ખાતેના એક મકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા **કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો એક મિલ્કત સંબંધી** ગુનાનો ભેદ શોધી કાઢેલ છે.

# <u>પ્રોહિબશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની પ્રોહિ./જુગારની પ્રવૃતિઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.જગદિશભાઇ ભવાનભાઇ તથા પો.કો.ગોપાલ દેવાભાઇનાઓને સયુંક્ત મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે મોહમદશરીફ ઉર્ફે તમાકુ દાદા સુભાનભાઇ રંગરેજ રહે :- પીરકમાલ કમ્પાઉન્ડ પીરકમાલ દરગાહની પાસે દાણીલીમડા અમદાવાદ શહેરનાઓ તેના કબજાની સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૦૧.બી.વાય.૯૮૧૧ કિ,રુ,૨૦,૦૦૦/ ની અંદર અલગ બ્રાન્ડની પરપ્રાતીય ઈગ્લિશ દારુની ૭૫૦/ મિ.લી.ની કુલ્લે બોટલો નંગ-૬૦ કુલે કિ,રુ.૩૦,૦૦૦/ ની મતાનો મુદામાલ લઇ આવતા સદરી આરોપી પોલીસને જોઇ તેના કબજાની રીક્ષા તથા ઉપરોક્ત દારુની બોટલો મુકી ભાગી જતા સદર રીક્ષા તથા ઉપરોક્ત ઈગ્લિશ દારુની બોટલો મળી કુલ્લે કિ,રુ,૫૦,૦૦૦/ ની મતાનો મુદામાલ કબજે કરી સદરીને આરોપીને વોન્ટેડ બતાવી કાયદેસરની કાર્યવાહી કરી ઈગ્લિશ દારુનો ગણનાપાત્ર કેસ શોધ કાઢી સદરીને આરોપીને પકડી પાડવા તજવીજ કરેલ છે.

## <u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન :</u>

આજ રોજ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંગ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૪ સુશ્રી શ્વેતા શ્રીમાળી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડીવીઝન શ્રી દિપક વ્યાસ સાહેબ નાઓની માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંન્સપેકટર શ્રી એ.ડી.ગોહીલ નાઓની સુચના મુજબ સર્વે.સ્કવૉડના પો.સ.ઇ. શ્રી વી.એસ.સિધવ નાઓ તથા પો.કો. વનરાજસિંહ બળવંતસિંહ નાઓએ પ્રોહીની પ્રવિતી કરતા ધીરુસીગ ઉર્ફે દદ્દા મહેશસીગ રાજપુત રહે. રામચંદ્ર કોલોની, ચમનપુર, મેઘાણીનગર અમદાવાદ શહેર નાને પકડી પાડી મે.પો.કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ દ્વારા જારી કરવામાં આવેલ પાસા વોરંટ ની બજવણી કરી તેને મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે. તા.૯/૧૨/૨૦૧૭

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**<u>પ્રોહીબીશન સબંધી</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ તેમજ અધિક ના.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાશ્રી ચિંતન તેરૈયા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી અસામાજીક પ્રવુતી આચરતા ઇસમ આરોપી ભરતભાઇ નારણભાઇ મણીલાલ ચુનારા ઉ.વ-૩૨ રહે- ઠીકરીવાસ,નારોલગામ અમદાવાદ શહેરના વિરૂધ્ધ નારોલ પો.સ્ટે થી પાસા દરખાસ્ત ભરી પો.કમિ.શ્રીને મોકલી આપતા પીસીબી<u>/ડીટીએન/પાસા/૯૬૭/૨૦૧૭ તા.૦૭/૧૨/૨૦૧૭</u> થી પાસા અટકાયતીનો હુકમ કરતા નારોલ પો.સ્ટે.પો.ઇન્સ.શ્રીએ સદર આરોપીને આજરોજ તારીખ.૦૯/૧૨/૨૦૧૭ ના કલાક ૧૯/૨૦ વાગ્યે હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ તારીખ ૦૯/૧૨/૨૦૧૭ નાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે આનંદનગર પોલીસ સ્ટેશન કસ્ટ ગુ.ર.નં-૧૫૬/૧૭ ઇપીકો કલમ ૩૭૯ ના કામે આરોપી (૧) શાહબાજખાન હબીબખાન પઠાણ ઉવ.૨૪ રહે-મ નં-૧.મેરુનવિલા ડુપ્લેક્ષ,લાલાબાગ કબ્રસ્તાન ની પાસે.ફતેહવાડી ટાવર પાસે.ફતેહવાડી અમદાવાદ શહેર તથા (૨) અકીલ મોહમદ અસ્લમ, કછોટ ઉવ. ૨૨ રહે.અક્ષા હોટલમાં અંબરટાવર,ચાર રસ્તા,સરખેજ અમદાવાદ મુળગામ-મંડલીફળી,કટારવાડા પાસે, વિરમગામ.જિ-અમદાવાદ નાને એક ગ્રે કલરનાં અપાચે મો.સા કે જેની આગળ-પાછળ નંબર પ્લેટ નથી જેનો એંજીન નંબર 0E4E82088528 તથા ચેચીસ નંબર MD634KE4282E88257 વંચાય છે તેમને આજરોજ તારીખ ૦૯/૧૨/૨૦૧૭ નાં કલાક ૨૩/30 વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી આનંદ નગર પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરેલ છે

**ગોમતીપુર પોલીસ સ્ટેશન :**

**જુગારના રોકડા નાણા રૂ.૫૩,૩૯૦/- તથા મોબાઇલ નંગ-૧૧ કિ.રૂ.૨૧,૦૦૦/- તથા ટુ વ્હીલર ૭ કિ.રૂ.૨,૨૫,૦૦૦/- તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૨,૯૯,૩૯૦/- સાથે અગીયાર અરોપીઓને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં દારુ-જુગારની પ્રવૃત્તિ નસ્તે નાબુદ કરવા સારુ મળેલ સુચના આધારે

આજરોજ અમો તથા સેકંન્ડ પોલીસ ઇંન્સ્પેકટરશ્રી બી.વી.ઝાલા સાહેબ તથા સર્વલંન્સ સ્કોડના પોલીસ સબ ઇંન્સ્પેકટરશ્રી એમ.એચ.યાદવ તથા એસ.આઇ.રઇશ સાહેબ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન મોહમદ હનીફ મયુદ્દીન શેખ ઉ.વ.૪૭ રહે.મ.નં ૧૭૫૧/૧ ચંદુલાલ ચોક્સીની ધાબાવાળી ચાલી સેન્ટ જોસેફ હાઇસ્કુલ સામે ગોમતીપુર અમદાવાદ શહેર + ૧૦ = ૧૧ નાઓને જુગારના રોકડા નાણા રૂ.૫૩,૩૯૦/- તથા મોબાઇલ નંગ-૧૧ કિ.રૂ.૨૧,૦૦૦/- તથા ટુ વ્હીલર ૭ કિ.રૂ.૨,૨૫,૦૦૦/- તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૨,૯૯,૩૯૦/- સાથે અગીયાર આરોપીઓને ઝડપી પાડી અગીયાર આરોપીઓ વિરુધ્ધ ધી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી ગોમતીપુર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૩૬૧/૨૦૧૭ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**